WE ARE MACMILLAN. CANCER SUPPORT

Surgery: Gujarati

# સર્જરી

આ માહિતી સર્જરી (ઓપરેશન કરાવા) વિશે છે.

નીચે લીટી કરેલા શબ્દો અંતમાં આપેલી શબ્દાવલિમાં સમજાવામાં આવ્યા છે.

કેન્સર ધરાવતા ઘણા લોકો માટે સર્જરી સારવારના ભાગરૂપે હોય શકે છે.

માત્ર તે એક જ સારવારની તમને જરૂર હોય એવુ ન હોય શકે. અમુક લોકોને કિમોથેરેપી અથવા રેડિયોથેરેપીની જરૂર પણ હોય શકે છે. હોસ્પિટલ ખાતેના ડૉક્ટરો તમારી સારવાર વિશે તમારી સાથે વાત કરશે. અમારી પાસે ગુજરાતી ભાષામાં આ સારવારો વિશે માહિતી ઉપલબ્ધ છે:

જો તમને કોઈ પ્રશ્નો હોય, તો જ્યાં તમે સારવાર લઈ રહ્યા હોય ત્યાંના ડૉક્ટર અથવા નર્સને પૂછી શકો છો.

જો તમને કોઈ પ્રશ્નો હોય અથવા કોઈ સાથે વાત કરવા ઈચ્છતા હોવ તો તમે મેકમિલન કેન્સર સપોર્ટને સોમવાર થી શુક્રવાર સવારે 9 વાગ્યા થી રાત્રે 8 વાગ્યા સુધી **0808 808 00 00**, પર ફોન કરી શકો છો. અમારી પાસે દુભાષિયા છે, તેથી તમે તમારી ભાષામાં અમારી સાથે વાત કરી શકો છો. તમે જે ભાષાનો ઉપયોગ કરવા માંગતા હોય, ફક્ત તે અમને ઈંગલિશમાં જણાવો.

અમારી પાસે ગુજરાતી ભાષામાં, વિવિધ પ્રકારના કેન્સર, સારવારો અને કેન્સર સાથે જીવવા વિશે વધુ માહિતી ઉપલબ્ધ છે. **macmillan.org.uk/translations** ની મુલાકાત લો અથવા **0808 808 00 00** પર અમને ફોન કરો.

## આ માહિતી શીટમાં:

- કેન્સર શું છે?
- તમારા સર્જન
- તમને સર્જરીની જરૂર શા માટે છે?
- શું સર્જરી તમારા કેન્સરનો ઈલાજ કરી શકે છે?
- સર્જરી દરમિયાન શું થાય છે?
- ઓપરેશન પહેલા
- ઓપરેશનના દિવસે
- ઓપરેશન પછી
- લાંબા ગાળાની સમસ્યાઓ
- શારીરિક અને ભાવનાત્મક ફેરફારો

## તમને સર્જરીની જરૂર શા માટે છે?

કેટલાક કારણો છે જેને લીધે લોકો સર્જરી કરાવતા હોય છે:

**નિદાન**
સર્જન કેન્સરનો નાનો ભાગ દુર કરી શકે છે. તેને બાયોપ્સી કહેવામાં આવે છે. બાયોપ્સી, ચોક્કસ પ્રકારના સ્કેન્સ દરમિયાન પણ લઇ શકાય છે. તે ડૉક્ટરને ક્યાં પ્રકારનું કેન્સર છે તે શોધવામાં મદદ કરે છે.

**સ્ટેજિંગ**
સ્ટેજીંગ એટલે જયારે ડૉક્ટર જુએ કે કેન્સર કેટલું મોટું છે અને શું તે શરીરના અન્ય કોઈ ભાગમાં ફેલાયું છે કે નહી. કેન્સરના સ્ટેજ જાણવાથી ડૉક્ટરને તમારી સારવારની યોજના કરવામાં મદદ મળે છે. સામાન્ય રીતે સ્ટેજીંગમાં કેટલાક સ્કેનનો સમાવેશ કરવામાં આવેલો હોય છે. અલગ-અલગ પ્રકારના સ્કેન હોય છે. તમારા ડૉક્ટર અથવા નર્સ તમને ક્યાં પ્રકારની જરૂર છે અને શું અપેક્ષાઓ રાખી શકો તે જણાવશે.

**આ કોઈએ CT સ્કેન કરાવ્યાનું ઉદાહરણ છે:**




જો તમારા સર્જન સ્કેનમાં ટ્યુમર ન જોઈ શકે, તો તમને અન્ય ટેસ્ટની જરૂર પડી શકે છે. આ ટેસ્ટમાં શરીરની અંદર જોવા માટે ખાસ સાધનો જેમાં લાઈટ અને અંતમાં કેમેરા શાલેમ હોય તેનો ઉપયોગ થઇ શકે છે. ઉદાહરણ તરીકે, તેઓ તમારા ગળાની નીચે અને તમારા પેટના અંદરના વિસ્તારમાં (પેટ) જોઈ શકે છે.

**સારવાર**
આ સર્જરી ટ્યુમર અને તેની આસપાસના વિસ્તાર જેમાં કેન્સરના કોષો સમાયેલા હોઈ શકે છે, તેને હટાવવા માટે કરવામાં આવે છે. અમુકવાર, સર્જરીનો ઉપયોગ એ કેન્સર કોષો જે શરીરના અન્ય ભાગમાં ફેલાઈ ગયા છે તેને હટાવવા માટે થાય છે.

ઘણીવાર સર્જરી પહેલા ટ્યુમરને નાનું કરવા માટે અન્ય સારવારો જેવી કે, કિમોથેરેપી અને રેડિયોથેરપી આપવામાં આવે છે. એનો અર્થ એ થાય કે ઓછી સર્જરીની જરૂરિયાત થશે.

કોઈપણ સારવાર પહેલા, ડૉક્ટરો અને અન્ય હેલ્થ કેર પ્રોફેશનલ તમારી સ્થિતિ પર ચર્ચા કરવા માટે ભેગા થશે. તમે શ્રેષ્ઠ સારવાર મેળવી રહ્યા છો તેની ખાતરી કરવામાં આ મદદરૂપ થશે. મિટીંગ પછી, તમારા કેન્સર નિષ્ણાત અથવા નર્સ તમારી સારવારના વિકલ્પ વિશે વાત કરશે.

**પુન:ર્નિર્માણ**
પુન:ર્નિર્માણનો અર્થ શરીરનો ભાગ નવો બનાવવો એમ થાય છે. આ શરીરને વધુ સારી રીતે કામ કરવામાં મદદ કરી શકે છે. ઉદાહરણ તરીકે, જો મૂત્રાશય દૂર કરવામાં આવ્યું હોય તો નવું બનાવવું. પુન:ર્નિર્માણ કોઈને વધુ સારા દેખાતા પણ બનાવી શકે છે. ઉદાહરણ તરીકે, સ્તન દૂર કર્યા પછી સ્તનનું પુનઃનિર્માણ કરવું.

**લક્ષણો પર નિયંત્રણ મેળવવા બાબત**
કેટલીકવાર કેન્સર સંપૂર્ણપણે હટાવી શકાતું નથી. આ કિસ્સામાં, ઘણીવાર, સર્જરી લક્ષણોને નિયંત્રિત કરવામાં અને કોઈને સારો અનુભવ કરાવવામાં મદદ કરી શકે છે.

ઘણીવાર સર્જરી શક્ય નથી હોતી. કારણકે ઘણીવાર ટ્યુમર હટાવવું ઘણું મુશ્કેલ હોય છે, અથવા કેન્સર શરીરના અન્ય ભાગોમાં ફેલાય ગયું હોય. જો સર્જરી શક્ય ન હોય, તો અન્ય સારવારો કેન્સરને નિયંત્રિત કરવામાં મદદ કરી શકે છે.

## શું સર્જરી તમારા કેન્સરનો ઈલાજ કરી શકે છે?


ઘણીવાર સર્જરીનો હેતુ કેન્સરના ઈલાજનો પ્રયત્ન કરવાનો હોય છે. પણ હમેંશા આ શક્ય નથી થઈ શકતું. કેટલીકવાર કેન્સરના કોષો ટ્યુમરની આસપાસના વિસ્તારમાં અથવા શરીરના અન્ય ભાગોમાં ફેલાઈ શકે છે. કોષોનો ખુબ જ નાનો સમૂહ સર્જન દ્વારા જોઈ શકાતો નથી અને તે હંમેશા સ્કેનમાં દેખાતા નથી.

જો કેટલાક કેન્સર કોષો પાછળ છોડાઈ ગયા હોવાનું જોખમ હોય, તો તમારા ડૉક્ટર તમને સર્જરી પછી અન્ય સારવાર માટે સૂચનો આપી શકે છે, જેમ કે કિમોથેરેપી. આ ભવિષ્યમાં કેન્સરને પાછુ આવવાના જોખમને ઓછુ કરવામાં મદદ કરી શકે છે.

કેટલીકવાર સર્જનના ધ્યાનમાં આવશે કે તેઓ સં પૂર્ણપણે કેન્સરને હટાવી શકશે નહી. આ કેસમાં, તમારે અન્ય સારવારો લેવી પડે છે.

**કી હોલ સર્જરી (લેપ્રોસ્કોપીક)**
આ પ્રકારની સર્જરીમાં, શરીરમાં એક મોટા કાપ ની જગ્યાએ નાના છીદ્રો કરવામાં આવે છે. સર્જન, ચામડીમાં નાના કાપ વળે સાધનનો ઉપયોગ કરી ટ્યુમર દુર કરે છે.

કી હોલ સર્જરીને કારણે નાનો એવો ઘાવ થાય છે, જેથી લોકો ઘણી ઝડપથી સજા થાય છે. કેટલીકવાર, જે લોકો મોટા ઓપરેશન માટે પૂરતા સાજા ન હોય તેઓ કી હોલ સર્જરી કરાવવા સક્ષમ બની શકે છે. કી હોલ સર્જરી, અન્ય પ્રકારની સર્જરી જેટલી જ સારી છે. આ સ્પેશ્યલ ટ્રેનીંગ પામેલ સર્જન દ્વારા કરવામાં આવે છે.



## તમારી સર્જરી પહેલા

સર્જન અને એનેસ્થેટીસ્ટ કહેવાતા ડૉક્ટર, તમે સર્જરી માટે પૂરતા સારા છો તે તપાસશે.

સામાન્ય રીતે ઓપરેશન પહેલા કેટલાક ટેસ્ટ માટે તમારે હોસ્પિટલની એપોઇન્ટમેન્ટ લેવી પડશે. તેને પ્રિ-એસેસમેન્ટ કલીનીક કહેવામાં આવે છે. નર્સ તમને તમારા તબીબી ઈતિહાસ અને જો તમને કોઈ એલર્જી હશે તો તેના વિશે પુછશે. તેઓ તમારું બ્લડ પ્રેશર, ધબકારાઓ, ઉંચાઈ અને વજન પણ તપાસશે. તમે કોઈ દવાઓ લેતા હોવ, હર્બલ ઉપાયો અથવા સપ્લિમેંટ સહીત, તો તે વિશે તેમને કહેવું મહત્વપૂર્ણ છે.

અન્ય ટેસ્ટમાં સમાવેશ થઇ શકે:

- બ્લડ ટેસ્ટ
- ચેસ્ટ એક્સ-રે
- તમારું હ્રદય કેટલી સારી રીતે કામ કરે છે તે તપાસવાની ટેસ્ટ

તમારા ટેસ્ટ તમે ક્યાં પ્રકારનું ઓપરેશન કરાવી રહ્યા છો અને શું તમને અન્ય કોઈ આરોગ્યની મુશ્કેલી છે તેના પર આધાર રાખે છે.

જો તમે જનરલ એનેસ્થેટીક ન મેળવી શકતા હોય, તો પણ તમે સર્જરી કરાવવા સક્ષમ છો. તમને અલગ પ્રકારના એનેસ્થેટીક આપવામાં આવશે, જેના કારણે તમે જાગતા રહેશો પણ તે વિસ્તારમાં તમારી કોઈ લાગણી અથવા દુખાવાને તે અટકાવશે.

મોટા ભાગના લોકો સર્જરી કરાવવા માટે ચિંતા અનુભવતા હોય છે. પરિવાર અને મિત્રો પણ ચિંતા અનુભવી શકે છે. તમને થતી કોઈપણ ચિંતા વિશે તમારા ડૉક્ટર અથવા નર્સને વાત કરવાથી તમને મદદ મળી શકે છે.

તમારા ઓપરેશન વિશે તમે બધું જ સમજો તે મહત્વપૂર્ણ છે. ઓપરેશન પહેલા તમે તમારા સર્જન સાથે વાત કરવા સક્ષમ હોવા જોઈએ. જયારે તમે સર્જન સાથે વાત કરો, ત્યારે એવી વ્યક્તિ જે બન્ને ગુજરાતી અને ઈંગ્લીશ જાળતુ હોય તેને તમારી સાથે લઇ જવું સારૂં રેહશે. હોસ્પિટલ ખાતે અનુવાદક ઉપલબ્ધ હોય શકે, છતાં પણ જો તમને તેની જરૂર હોય તો તેના માટે અગાઉથી કેહવા પ્રયત્ન કરવો.

તમે ઓપરેશન કરાવવા સહમત છો તે જણાવવા માટે તમારે એક ફોર્મ સાઈન કરવાની જરૂર પડશે. આને સંમતિ આપવી કહેવામાં આવે છે. સંમતિ ફોર્મ ગુજરાતીમાં ઉપલબ્ધ હોવુ જોઈએ. તે સિવાય તમે ઓપરેશન નહી કરાવી શકો.

## ઓપરેશનના દિવસે

તમારા ઓપરેશનના દિવસે શું થશે તે તમે ક્યાં પ્રકારની સર્જરી કરાવો છો તેના પર આધાર રાખે છે. જો તમને ઓપરેશન માટે કોઈ તૈયારી કરવાની જરૂરિયાત હશે તો હોસ્પિટલ તમને સલાહ આપશે.

તમને આટલું કરવાનું કહેવામાં આવી શકે છે:

- તમારી સર્જરી પહેલા કંઈ ખાવું કે પીવું નહી
- કોઈપણ ઝવેરાત અથવા ધાતુના પદાર્થો દૂર કરવાનું
- કોઈપણ નેઈલ વાર્નિશ અથવા મેક-અપ દુર કરવાનું
- તમારા ઓપરેશનના દિવસે સવારે નાહવાનું

ઓપરેશન પહેલા વિસ્તારમાંથી શરીરના વાળ દુર કરવા માટે નર્સ તમને પુછી શકે છે. તમારે શું કરવાની જરૂરિયાત છે તે તમને કહેશે. શરીરના વાળ તો જ દુર કરવામાં આવશે જો તેની જરૂરિયાત પડશે. તે એક નિકાલજોગ રેઝરની મદદથી કરાશે. ઓપરેશન પછી વાળ પાછા ઉગી જશે.

ઓપરેશન કર્યા પછી લોહિના ગઠ્ઠાનું જોખમ વધી શકે છે. કમ્પ્રેશન સ્ટોકીંગ કહેવાતા ખાસ મોજા તે જોખમ ઘટાડવામાં મદદ કરી શકે છે. તમને તમારા ઓપરેશન દરમિયાન અને પછી તેની જોડી પહેરવાની જરૂરિયાત રહી શકે છે. તમારા નર્સ તમારા પગ માપશે અને તેને પહેરવામાં તમારી મદદ કરશે.

## તમારા ઓપરેશન પછી

ઓપરેશન પછી ઉઠવામાં થોડો ડર લાગી શકે છે, જેથી શું અપેક્ષા રાખવી તે જાણવામાં મદદ મળી શકે છે.

જ્યારે પ્રથમવાર તમે જાગશો, ત્યારે તમને થોડુ ઉંઘરેટુ લાગશે. નર્સ તમારું બ્લડ પ્રેશર તપાસશે. તમને બ્લડ પ્રેશર મોનીટર તમારા હાથ પર થોડુ સજ્જડ થતું લાગી શકે છે.

તમારા શરીર સાથે કેટલીક ટ્યુબ પણ જોડાયેલી હોઈ શકે છે. જેમાં સમવિષ્ટ છે:

- જ્યાં સુધી તમે સામાન્ય રીતે ખાઈ કે પ્રવાહી ન લઈ શકો ત્યાં સુધી એક નસમાં પ્રવાહીના ટીપા નાખવામાં આવશે - આ થોડા કલાકો અથવા થોડા દિવસો માટે હોય શકે છે.
- જ્યાં તમે ઓપરેશન કરાવેલું હોય, ત્યાં નાની બોટલમાં પ્રવાહી ખેંચવા માટે એક ટ્યુબ - સામાન્ય રીતે કેટલાક દિવસો બાદ આ હટાવી નાખવામાં આવે છે.
- તમારા મૂત્રાશયમાંથી પેશાબ થેલીમાં ખેંચવા માટે કેથેટર કહેવાતી એક નાની ટ્યુબ - તે જ્યારે તમે ચાલવા માટે સક્ષમ બનો ત્યારે કાઢી નાખવામાં આવશે.

**દુખાવો**
સર્જરી બાદ કેટલોક દુખાવો થવો સામાન્ય છે. સામાન્ય રીતે, દુખાવાની દવાથી તેને સારી રીતે નિયંત્રિત કરી શકાય છે. જો તમને કોઈ દુખાવો હોય, તો તમારી સંભાળ લેતા નર્સને જણાવો.

સામાન્ય રીતે, સમય જતાં દુખાવામાં સુધારો થશે. જો દવાઓ તમારા દુખાવામાં મદદ ન કરતી હોય, તો તમારા ડૉક્ટરને જણાવો. તેઓ તમારી દવાઓ બદલાવી શકે છે.

**બિમારી અનુભવવી અથવા બિમાર થવું**
જો ઓપરેશન પછી તમને બીમારીનો અનુભવ થતો હોય, તો તમારી સંભાળ લેતા નર્સને જણાવો. તેઓ મદદ કરવા માટે તમને દવાઓ આપી શકે છે.

**આસપાસ ફરવું - હલનચલન**
તમારા ઓપરેશન પછી વહેલી તકે તમે પથારીની બહાર આવવા સક્ષમ હોવા જોઈએ. નર્સ તમને મદદ કરશે. હલનચલન કરવાથી, વધુ ઝડપથી સજા થવામાં અને મુશ્કેલીઓના જોખમ ઘટાડવામાં મદદ કરશે.

કેટલીકવાર મોટા ઓપરેશન પછી તમારે લાંબા સમય સુધી પથારીમાં રહેવું પડે છે. સર્જરી પછીની મુશ્કેલીઓના જોખમને ઘટાડવામાં શ્વાસની કસરત અને પગની કસરત મદદ કરી શકે છે. તમારા નર્સ અથવાફીઝીયોથેરાપીસ્ટતમને આ કસરતો શીખવાડશે.

ઓપરેશન પછીના થોડા દિવસ માટે, તમને નાહવા અને ટોઇલેટ જવા માટે મદદની જરૂર પડી શકે છે. જો તમે સમાન જાતિના નર્સ દ્વારા મદદ મેળવવાનું પસંદ કરતા હોવ તો તમારા નર્સ સાથે વાત કરો.

બધા અલગ-અલગ રીતે ઓપરેશનમાંથી સાજા થતા હોય છે.  તે પછીના થોળા સમય સુધી તમે થાકનો અનુભવ કરી શકો છો.  કેટલાક લોકો ઝડપથી સારું અનુભવવા લાગે છે, જયારે અન્યો વધુ લાંબો સમય લઇ શકે છે.  તેનો આધાર તમે કેવા પ્રકારનું ઓપરેશન કરાવ્યું છે તેના પર રાખે છે.

**ઘાવની સંભાળ**
તમારા સર્જન તમારો ઘાવ ક્લિપ અથવા ટાંકાની મદદથી બંધ કરશે.  આ હોસ્પિટલ ખાતેના નર્સ દ્વારા અથવા ઘરે સામુદાયિક અથવા પ્રેક્ટીસ નર્સ દ્વારા હટાવવામાં આવશે.

કેટલાક સર્જનો ઓગળી જાય એવા ટાંકાનો ઉપયોગ કરે છે અને તેને હટાવવાની જરૂરિયાત રહેતી નથી.  જયારે તે વિસ્તારમાં રૂઝ આવી જાય ત્યારે તે અદ્રશ્ય થઇ જાય છે.

તમારા ઘાવને આવરવા માટે તમારે ડ્રેસિંગની જરૂરિયાત રહી શકે છે.  તમારા ઘાવની સંભાળ કઈ રીતે લેવી તે નર્સ તમને કહેશે.

**ઘાવની નિશાની**
પહેલીવાર તમારા ઘાવની નિશાનીમાં તમને ખંજવાળ આવી શકે છે. જો તમારી ચામડી શ્વેત હશે તો તે લાલ અથવા જો તમારી ચામડી અશ્વેત હશે તો કાળું થઇ શકે છે.  સમય જતાં, સામાન્ય રીતે તે અદ્રશ્ય થઇ જશે, જો કે છતાં પણ હમેશા તેવું થાય તે જરૂરી નથી.  જો તમારો ઘાવ ગરમ, દુખાવાજનક, તેમાંથી લોહી અથવા પ્રવાહી નીકળે તો તમારા ડૉક્ટરને કહેવું મહત્વપૂર્ણ છે.

## લાંબા ગાળાની સમસ્યાઓ

ઘણા લોકો સર્જરી પછી સારી રીતે સજા થઇ જતા હોય છે, પરંતુ કેટલાક લોકોને લાંબા ગાળાની સમસ્યાઓ હોય છે. ડૉક્ટરો અથવા નર્સએ તમારી સાથે ઓપરેશન પહેલાં આ વિશે વાત કરવી જોઈએ જેથી તમે જાણી શકો કે શું અપેક્ષા રાખવી.  તમને આ વિશે ચિંતા થતી હોય તો તમારા ડૉક્ટર કે નર્સ સાથે વાત કરો.  એવી વસ્તુઓ છે જે મદદ કરી શકે છે.

**લીમ્ફોડેમા**
જો તમારી લસિકા ગાંઠો દૂર કરવામાં આવી હોય, તો તમને સોજા થઇ શકે છે જેને લીમ્ફોડેમાં કેહવાય છે. લસિકા ગાંઠો સરીરમાંથી પ્રવાહી કાઢતી હોય છે.  તેમને કાઢવાથી ત્યાં પ્રવાહી ભરાઈ શકે છે.  આ જ્યાંથી લસિકા ગાંઠો કાઢવામાં આવી છે ઉદાહરણ તરીકે હાથ અથવા પગ પાસે થઇ શકે છે.  તો તમે લસિકા ગાંઠો નજીક રેડિયોથેરાપી લીધી હોય તો પણ તે થઇ શકે છે.  જો તમને કોઇ સોજો દેખાય તો તમારા ડૉક્ટરનો સંપર્ક કરો.  ઝડપથી તેની સારવાર થાય તે મહત્વપૂર્ણ છે.

**ચેતાને નુકસાન**
ક્યારેક સર્જરી દરમિયાન ચેતાઓને નુકસાની થાય છે અથવા કાઢવી પડે છે.  આના કારણે પીડા અથવા નિષ્ક્રિયતા આવી શકે છે.  આ સામાન્ય રીતે મટી જાય છે, પરંતુ કેટલાક લોકો માટે તે કાયમી બની શકે છે.  અમુક પ્રકારની પીડાનાશક દવા છે જે મદદ કરી શકે છે.  સર્જરી બાદ શું અપેક્ષા કરવી તે વિશે તમે તમારા સર્જન ને પૂછી શકો.

જો અમુક ચેતાઓ કાઢવામાં આવી હોય અથવા નુકસાન થયું હોય, તો તે શરીરની કામ કરવાની ક્રિયાને અસર કરી શકે છે. ઉદાહરણ તરીકે, કેટલાક પુરુષોને પ્રોસ્ટેટ કેન્સર માટે સર્જરી પછી ઉત્થાન થતું નથી.  અમુક સ્ત્રીઓને ગર્ભાશયને કાઢવાની સર્જરી પછી મૂત્રાશયમાં સમસ્યાઓ થાય છે.  તે સમસ્યાઓનો સામનો કરવો મુશ્કેલ જણાય છે અને ઘણા લોકો તે વિશે વાત કરવામાં મુશ્કેલી અનુભવતા હોય છે. પરંતુ તમારા ડૉક્ટર કે નર્સ સાથે વાત કરવાથી મદદ મળી શકે છે.  તમારી મદદ કરવા તેઓ કાઈ કરી શકે તેમ હોય શકે.

**શબ્દાવલિ**

| | | | |
|---|---|---|---|
| Anaesthetist | [એનેસ્થેટીસ્ટ] | **એનેસ્થેટીક** | ડૉક્ટર જે તમને ઓપરેશન કરવા ઊંઘમાં મૂકે છે. |
| Benign | [બેનિન] | **બેનૈન** | શરીરમાં ગઠ્ઠો જે કેન્સર નથી અને શરીરમાં અન્ય ક્યાંય પ્રસરી શકતુ નથી. |
| Cells | [સેલ્સ] | **કોષો** | નાનકડાં આધારભૂત ઘટક જે આપણા શરીરના અંગો અને પેશીઓની રચના કરે છે. |
| Chemotherapy | [કિમોથેરેપી] | **કિમોથેરેપી** | કેન્સર સારવાર જે કેન્સરના કોષો મારવા માટે ડ્રગનો ઉપયોગ કરે છે. |
| Counsellor | [કાઉન્સેલર] | **કાઉન્સેલર** | એક વ્યાવસાયિક જે લોકોને તેમની લાગણી અથવા વ્યક્તિગત સમસ્યાનો સામનો કરવામાં મદદ કરવા માટે તાલીમ પામેલા હોય છે. |
| Diagnosis | [ડાયેગ્નોસીસ] | **નિદાન** | નિદાન એટલે એ શોધવું કે શું તમે બીમારી ધરાવો છો કે નહીં. |
| General anaesthetic | [જનરલ એનેસ્થેટિક] | **જનરલ એનેસ્થેટિક** | જ્યારે તમને ઓપરેશન માટે ઊંઘમાં મૂકવામાં આવે |
| Lymphatic system | [લીમ્ફેટીક સિસ્ટમ] | **લસિકા સિસ્ટમ** | શરીરની અંદરની નળીઓ અને ગ્રંથીઓનું તંત્ર જે પ્રવાહી કાઢવામાં અને ચેપ સામે લડવામાં મદદ કરે છે. લસિકા ગાંઠ આમાંની એક ગ્રંથી છે. |
| Lymph node | [લીમ્ફ નોડ] | **લસિકા ગાંઠ** | એ ગ્રંથી જે લસિકા સિસ્ટમનોએક ભાગ છે. |
| Malignant | [મેલિગ્નન્ટ] | **મેલિગ્નેન્ટ** | શરીરમાં કેન્સરનો એક ગઠ્ઠો જે સમગ્ર શરીરમાં પ્રસરી શકે છે. |
| Oncologist | [ઓન્કોલોજીસ્ટ] | **ઓન્કોલોજિસ્ટ** | કેન્સરના ડૉક્ટર જે કિમોથેરેપી અને રેડિયોથેરેપીમાં નિષ્ણાત છે. |
| Physiotherapist | [ફિઝિયોથેરાપિસ્ટ] | **ફીઝીયોથેરેપીસ્ટ** | એક વ્યાવસાયિક જે માંદગી અથવા ઈજા માંથી સાજા કરવા માટે હલચાલ અથવા કસરત દ્વારા મદદ કરે છે. |
| Prostate | [પ્રોસ્ટેટ] | **પ્રોસ્ટેટ** | પ્રોસ્ટેટ એ પુરુષના શરીરની અંદરની એક નાની ગ્રંથી છે. તે મૂત્રાશયની નજીક હોય છે. |

## સંદર્ભ અને આભારદર્શન

આ તમામ માહિતી મેકમિલન કેન્સર સપોર્ટની કેન્સર માહિતી વિકાસ ટીમ દ્વારા લખવામાં અને સંપાદિત કરવામાં આવી છે.

આ સાહિત્યની સમીક્ષા સંબંધિત નિષ્ણાતો દ્વારા કરવામાં આવી છે અને અમારા મુખ્ય મેડિકલ સંપાદક, ડૉ ટિમ આઈવેસન, મેકમિલન કન્સલટંટ મેડિકલ ઓન્કોલોજીસ્ટ દ્વારા મંજૂર કરવામાં આવી છે. પ્રોફેસર પેટ્રિક ઓ'ડ્યુવર, જઠરાંત્રિય સર્જરીના પ્રોફેસરને આભાર સાથે. કેન્સરથી અસરગ્રસ્ત લોકોનો પણ આભાર જેઓએ આ આવૃત્તિની સમીક્ષા કરી છે.

અમારી તમામ માહિતી શ્રેષ્ઠ પુરાવા ઉપર આધારીત છે. અમે ઉપયોગ કરેલા સાહિત્ય વિશે વધુ માહિતી માટે **bookletfeedback@macmillan.org.uk** પર અમારો સંપર્ક કરો.

MAC12466

Health & care information you can trust

The Information Standard Certified Member

સાહિત્યની સમીક્ષા: જાન્યુઆરી 2017

આગામી સમીક્ષાનું આયોજન: 2018

અમે જે માહિતી પૂરી પાડી રહ્યા છીએ તે ચોક્કસ છે તેની ખાતરી કરવા માટે અમે બનતા પ્રયત્ન કર્યા છે પરંતુ તે તબીબી સંશોધનની વર્તમાન પરિસ્થિતિને દર્શાવવા માટે ઉપયોગમાં ન લેવાવી જોઇએ, જે સતતપણે બદલતી રહે છે. જો તમે તમારા સ્વાસ્થ્ય માટે ચિંતિત હોવ, તો તમારે ડૉક્ટરનો સંપર્ક સાધવો જોઇએ. મેકમિલન આ માહિતીમાં અથવા ત્રાહિત-પક્ષની માહિતી જેમ કે અમે જે વેબસાઇટને લિંક કરીએ છીએ તે માહિતીની અચોક્કસતા માંથી પરિણમતી કોઇપણ ખોટ અથવા નુકશાન માટે જવાબદારી સ્વીકારી શકશે નહી.

© Macmillan Cancer Support 2016. ઇંગલૅન્ડ અને વેલ્સ (261017),
સ્કૉટલૅન્ડ (SC039907) અને આઇલ ઑફ મૅન (604)માં પંજીકૃત થયેલ ધર્માદા સંસ્થા છે. નોંધાયેલી ઓફીસ 89 Albert Embankment,
London SE1 7UQ.

MAC12466

